# શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કોણે કરવું જોઇએ?

શાળા-કોલેજનું સંચાલન કોણે કરવું જોઇએ? તે વિશે જુદા જુદા મત પ્રવર્તે છે. સંચાલન મુખ્યત્વે ત્રણ રીતે થાય છે. ઐચ્છિક પ્રયાસ દ્વારા લાભ માટે, ઐચ્છિક પ્રયાસ દ્વારા પરોપકાર અથવા ધાર્મિક ભાવનાથી અને રાજ્ય દ્વારા.

નેપોલિયન શિક્ષણનું સંચાલન રાજ્ય હસ્તક મૂકવાનું ઉચિત માને છે. તેમના મતે રાજ્યની સૌથી પ્રથમ અને મહત્ત્વની ફરજ છે કે તેણે પોતાના લોકોને શિક્ષિત કરવા. વોડરો વિલ્સને પણ માનતા હતા કે, શિક્ષણ પર રાજ્યનું નિયંત્રણ હોવું જોઇએ. જે માટે તેમણે બે કારણો આપ્યા હતા. પ્રથમ કારણ લોકશિક્ષણ એ રાજકીય અને સામાજિક સ્વતંત્રતા માટે જરૂરી છે, જે વ્યકિતના સ્વતંત્ર વિકાસ માટે અનિવાર્ય છે અને બીજું કારણ સરકારથી ઓછું શક્તિશાળી કોઇપણ સાધન લોકશિક્ષણની વ્યવસ્થા ન કરી શકે.

બીજી બાજુ જે.એસ.મિલ જેવા વ્યક્તિવાદમાં માનનાર ચિંતકોએ શિક્ષણ પર રાજકીય નિયંત્રણનો વિરોધ કર્યો છે. તેમના મતે સરકાર બધાં જ વ્યક્તિ માટે સમાન શિક્ષણ બનાવે છે. ઉપરાંત રાજ્ય દ્વારા આપવામાં આવતું શિક્ષણ વ્યકિતના મન પર અનિયંત્રિત શાસન સ્થાપે છે. તેમાં વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ થઇ શકતો નથી. રાજ્યનું કામ નાગરિકોનું રક્ષણ કરવાનું છે. રાજ્યે શિક્ષણક્ષેત્રે કોઇપણ પ્રકારનો હસ્તક્ષેપ અથવા નિયંત્રણ કરવું જોઇએ નહીં. તો વળી સમષ્ટિવાદી વિચારસરણી ધરાવતા મેત્યઆર્નોલ્ડ, કર્લાચલ અને રસ્કિનના મતે રાજ્યનું કાર્ય માત્ર નાગરિકોનું રક્ષણ જ કરવાનું નથી, પરંતુ તે સિવાય તેના અનેક કાર્યો છે. જેમાં તેઓ શિક્ષણનો પણ સમાવેશ કરે છે.

પ્રાચીન ભારતીય પ્રણાલીમાં ગુરુકુળો રાજ્યના સહકારથી ચાલતા હતાં, પરંતુ ગુરુકુળ પર રાજ્યનું વર્ચસ્વ નહતું. ગુરુકુળો સ્વતંત્ર હતાં. તેના વહીવટમાં રાજ્ય હસ્તક્ષેપ કરતું નહતું.

ગાંધીજીએ પણ સ્વનિર્ભર સંસ્થાની વાત કરી હતી. ઉદ્યોગને કેન્દ્ર સ્થાને રાખી તેની આવકમાંથી સંસ્થાના ખર્ચને પહોંચી વળવાની વાત હતી. પરંતુ તે આયોજન સંપૂર્ણ સફળ ન થયું. આજે પણ આ હેતુથી શરૂ કરેલ સંસ્થાઓ સરકારની મદદ મેળવે છે. તો ટાગોર સાહેબે સ્થાપેલી વિશ્વભારતી સંસ્થા પણ શરૂઆતમાં સરકારની સહાય લેતી નહતી. જે આજે સરકાર પાસેથી આર્થિક સહાય મેળવે છે. જે.કૃષ્ણમૂર્તિ રાજ્યની શિક્ષણ પરની સત્તાનો અસ્વીકાર કરે છે. તેમના મતે જો શિક્ષણ રાજ્યઆશ્રિત હશે તો રાજ્ય એવું શિક્ષણ આપશે કે જેમાં દરેક વ્યકિત રાજ્યની નીતિ-રીતિને જ વળગી રહે તથા રાજ્યના વહીવટમાં મદદ કરે. જે લોકો રાજ્ય પર કાબૂ ધરાવતા હશે તે પોતાના વિચારો શિક્ષણ પર લાદશે.

પાંડુરંગ આઠવલેજી દઢ પણે માને છે કે, શિક્ષણ સરકારના અંકુશથી મુક્ત હોવું જોઇએ. તેઓ પ્રાચીન ભારતીય તપોવન પદ્ધતિને આદર્શ ગણે છે. તેમના જ શબ્દોમાં જોઇએ તો, " જીવન વ્યવહાર, જીવનનું માંગલ્ય, જીવનની તેજસ્વીતા આ બધી વાતો સ્વતંત્ર શિક્ષણ પ્રણાલીથી જ આવી શકે છે. શિક્ષણ રાજ્યસત્તાના હાથમાં ન હોવું જોઇએ એવો આગ્રહ આપણા શાસ્ત્રકારોએ

જૂનાકાળથી રાખ્યો છે. ભૌતિકવાદ અને ભૌતિકસુખમાં ફસાયેલી રાજ્યસત્તાના હાથમાં જ્યારે શિક્ષણસંસ્થા આવી જાય છે ત્યારે તેજસ્વી, ઉન્નત માણસ પેદા થઇ શકતો નથી. તેમાંથી તો રાજ્યસત્તાને જેવો જોઇએ તેવો નિસ્તેજ માણસ જ બહાર પડવાનો. જે દેશમાં શિક્ષણસંસ્થા રાજસત્તાના હાથમાં ગઇ છે, તે દેશની ઉન્નતિ ખતમ થઇ ગઇ છે." વધુમાં શ્રી આઠવલેજી જણાવે છે કે, " શિક્ષણસંસ્થા રાજસત્તાના હાથમાં જવાથી શિક્ષકોને પગાર સારા મળશે, પરંતુ પછી શિક્ષક નોકર બની જશે. તેનં નાક નીચે થઇ જશે. તે સ્વતંત્ર શ્વાસ લેવાનું ખોઇ બેસશે, તેની ખબર સામાન્ય લોકોને પડતી નથી. નોકર કોઇ દિવસ બીજાના જીવનને વળાંક આપી ન શકે."

રેમાન્ટ જેવા પાશ્ચાત ચિંતકે તો ચર્ચને એક શિક્ષક તરીકે ઓળખાવ્યા છે. એટલે કે ચર્ચ માત્ર સામાજિક પ્રવૃત્તિનું કેન્દ્ર નથી પણ શિક્ષણ આપતી એક રાષ્ટ્રીય સંસ્થા પણ છે. આમ રેમાન્ટે શિક્ષણ માટે ધાર્મિક સંસ્થાને આવકારી છે. પાંડુરંગ આઠવલેજીએ પણ શિક્ષણમાં ધાર્મિક સંસ્થાઓને આવકારી છે. તેમના મતે રાજકારણના શિક્ષણ સાથે બીજું તેટલું પ્રભાવી શિક્ષણ ઊભું કરવું જોઇએ અને તે મંદિરો, ધાર્મિક સંસ્થાઓ, મઠપતિઓએ ઊભું કરવું જોઇએ. સમાજમાં જે કંઇ દાન કરવામાં આવે તે બધું આ જ કાર્યમાં વાપરવું જોઇએ.

આજે પણ શિક્ષણના સંચાલન અંગે સમાજમાં જુદાજુદા મત પ્રવર્તે છે. આગળ જણાવેલ ત્રણ રીતે સંચાલન થાય છે. દરેકમાં ફાયદા-ગેરફાયદા જોવા મળે છે. તો વધુ ઉચિત પદ્ધતિ કઇ? જેનો આધાર જે તે સંસ્થાના સંચાલકોના હેતુ પર રહેલો છે. હેતુની સાથે તેઓ વિદ્યાર્થી અને સમાજને શું અને કેટલું આપવા માંગે છે તે અગત્યનું છે. પોતાના લાભ માટે સંચાલન કરતા સંચાલકો ભલે લાભ લેતા હોય પરંતુ સાથે વિદ્યાર્થી, વાલી અને સમાજને પૂરતો સંતોષ આપતા હોય તો તેમાં કશો જ વાંધો હોઇ ન શકે. તો બીજી બાજુ પરોપકાર માટે ચાલતી સંસ્થાઓમાં ગુણવત્તા વિહીન કામ થતું હોય તો ભલે તેનો હેતુ ઉમદા હોય તો પણ તે સ્વીકાર્ય નથી. સાથે રાજ્ય સરકાર દ્વારા સંચાલન થતું હોય ત્યાં સરકાર અને શિક્ષકો બંનેએ વધુ જાગૃત બનવું પડશે. બંનેએ પોતાની ફરજ વિદ્યાર્થી અને સમાજ હિતમાં જ બજાવવાની છે તે ધ્યાનમાં રાખીને કામ કરવું પડે. બંનેમાંથી એકપણ પક્ષ પોતાને અનુકૂળ અને પોતાને ફાયદાકારક નિર્ણય લઇને કામ કરશે તો શોષાવાનું આવશે વિદ્યાર્થીઓને જ. આમપણ છેલ્લા કેટલાંક વર્ષોના અનુભવને આધારે કહી શકાય કે, સરકાર ભૌતિક કે માનવીય વ્યવસ્થા સરળતાથી ઊભી કરી શકે છે, પણ ત્યારબાદ ગુણવત્તા યુક્ત કામ અને પરિણામ મેળવવામાં નિષ્ફળ જાય છે. તો બીજીબાજુ બિનસરકારી કેટલીક સંસ્થાઓ માત્ર પોતાના લાભ માટે જ કામ કરી રહી છે, નહીં કે વિદ્યાર્થીના લાભ માટે. સાથે કેટલીક સંસ્થાઓ ખુબ જ સુંદર કામ કરી રહી છે. જેના કારણે જ ખાનગી સંચાલનો ટકી રહ્યાં છે અને લેભાગુ સંસ્થાઓ ટકી જાય છે.

આમ સંચાલનની ઉપરોક્ત ત્રણ રીતો જોતાં એકપણ રીત સૌથી ખરાબ પણ નથી કે સૌથી સારી પણ નથી. જેનો આધાર હેતુ કરતાં થતાં કામ અને મળતાં પરિણામ પર છે. સારા આશયથી શરૂ કરવામાં આવતા કામનું પરિણામ જો નબળું કે ખરાબ મળે તો પણ તે નિષ્ફળ જ કહેવાય.